REGISTERED No. G.R.J.-24

©

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

**PUBLISHED BY AUTHORITY**

VOL. XXXIX ] FRIDAY, 16th OCTOBER, 1998/ASHVINA 24, 1920 [ No. 22

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના સુરત નં.૩૩(ડુંભાલ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.**

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે . આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૪(મગોબ–ડુંભાલ)ની હદ

દક્ષિણે : મોજે – લીંબાયત ગામ

પુર્વે : મોજે ડુંભાલનો બાકી વિસ્તાર તથા પરવટ ગામ

પશ્ચિમે : નગર રચના યોજના સુરત નં.૭(આંજણા)ની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(એસ.જગદીશન)
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા.૧૪-૧૦-૯૮

---

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના નં.૩૫ (કતારગામ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

### અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (ડ્રાફટ સ્કીમ) સ્કીમનો મુસદ્દો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મોજે વેડની હદ તથા મોજે કતારગામનો સીમાડો

દક્ષિણે : ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૮(કતારગામ) તથા ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૫(ટુંકી-સીંગણપોરની હદ)

પૂર્વે : મોજે કતારગામનો બાકી રેવન્યુ વિસ્તાર

પશ્ચિમે : ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૨૬(સીંગણપોર)ની હદ

ઉપર જણાવેલ યોજનાની મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હીતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,સુરતની કચેરીમાં રજા દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજય પત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતાં કોઈ શખ્સ આયોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(એસ. જગદીશન)
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત
તા.૧૪-૧૦-૯૮

GUJARAT GOVERNMENT GAZETTE (EXT.) PART-II DATE 16-10-98 [142

## સુરત મહાનગરપાલિકા

### નાના વરાછા વિસ્તારની નગર રચના યોજના,સુરત નં.૩૮(નાના વરાછા) તૈયાર કરવા બાબત.

### અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ–૨૨ની પેટા કલમ(૧) અન્વયે રચાયેલ સુરત વિકાસ સત્તા મંડળે તેના તા.૨૭–૧–૮૪નાં ઠરાવ નં.૬૨૬(૧)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટાઉન પ્લાનીંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીયેટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ (પ્રેસીડેન્ટ એકટ નં.૨૭)ની કલમ–૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાએ નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૭૯/૯૮ તા.૧૨–૧૦–૯૮થી ઠરાવ્યા મુજબ નકશા–૧માં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ નાના વરાછા વિસ્તાર માટે નગર રચના યોજના,સુરત નં.૩૮(નાના વરાછા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રી, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમયમાં જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલી છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા.૧૫/૧૦/૯૮

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૨–૧૦–૯૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:–

**ઠરાવ:–**

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૭–૧૦–૯૮ના પત્ર નં.સીમીસ/૮/૨૪ થી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૩૮(નાના વરાછા) ને તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવા તથા તે અંગેના અધિસુચનને બે સ્થાનિક દૈનીક પત્રોમાં બહોળો ફેલાવો કરવા એક–એક વખત પ્રસિધ્ધ કરવા તેમજ તે મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રીને અધિકૃત કરવાનું નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૩૮/૯૮ થી ઠરાવવામાં આવેલ. જે અંગે મ્યુનિ.કમિશ્નરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહીતી ધ્યાને લઈ ચર્ચા વિચારણા કર્યા બાદ નગર નિયોજન સમિતિના તા.૧૮–૭–૯૮ના ઠરાવ નં.૩૮/૯૮ આથી રદ કરવાનું તેમજ સુરત મહાનગરપાલિકાને હદ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૩૮ (નાના વરાછા)ને તૈયાર કરવા બાબતે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સંળગ રેખામાં બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૩૮(નાના વરાછા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, તથા તે અંગેના અધિસુચનને બે સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક એક વખત પ્રસિધ્ધ કરવા તેમજ તે મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૭૯/૯૮ સર્વાનુમતે મંજુર**

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER